# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૪૩૨૦૦ તા. ૨૧/૦૮/૨૦૧૯

## જાહેર નોટીસ

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનના આચાર્યશ્રીને જણાવવાનું કે, યુ.જી.સી./રાજ્ય સરકારશ્રી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી એક્ટ નં.૨૪/૨૦૧૫ અનુસાર આ યુનિવર્સીટી કાર્યક્ષેત્રમાં યુ.જી.સી./રાજ્ય સરકારશ્રી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટીના જોડાણ નિયમો અનુસાર કોલેજોને જોડાણ/માન્યતા આપવામાં આવે છે પરંતુ કેટલીક બિનઅધિકૃત સંસ્થાઓ દ્વારા વિધાથીઓ અને વાલીઓને ગેરમાર્ગે દોરી રાજ્યની અન્ય યુનિવર્સીટીનું જોડાણ/માન્યતા દર્શાવવામાં આવે છે. વિધાથીઓ અને વાલીઓ દ્વારા યુનિવર્સીટી કાર્યક્ષેત્રમાં આવેલ જે તે સંસ્થા/કોલેજમાં પ્રવેશ મેળવતા પહેલા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી નું જોડાણ/માન્યતા મેળવવું જરૂરી છે.

આથી આ યુનિવર્સીટી સંલગ્ન કોલેજ/સંસ્થા દ્વારા યુનિવર્સીટીનું જોડાણ/માન્યતા મેળવેલ ન હોય તો, યુ.જી.સી./રાજ્ય સરકારશ્રી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સીટી એક્ટની કલમ-૭ અનુસાર તે માન્ય સંસ્થા/કોલેજ નથી.

આ પ્રકારની બિનઅધિકૃત સંસ્થાઓને જાણ કરવામાં આવે છે કે, દિવસ-૧૫ સુધીમાં સંસ્થા બંધ કરી યુનિવર્સીટીને જાણ કરવી અન્યથા યુનિવર્સીટી દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

ઇ.ચા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

નકલ રવાના :

(૧) તમામ સંલગ્ન કૉલેજો અને પી.જી.સેન્ટરના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર જાણ સારૂં.



Scanned by CamScanner